# Official Spokesperson's response to media query on Pakistani law enacted to bring into effect the judgement of the International Court of Justice (ICJ) in the Kulbhushan Jadhav case

November 18, 2021

# કુલભુષણ જાદવ કેસમાં આંતરરાષ્ટ્રીય ન્યાય કોર્ટ (આઈસીજે)નો ચુકાદો લાગુ કરવા માટે પાકિસ્તાને ઘડેલા કાયદા અંગે મીડિયાના પ્રશ્નો પર સત્તાવાર પ્રવક્તાનો પ્રતિભાવ

નવેમ્બર 18, 2021

**કુલભુષણ જાદવ કેસમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (આઈસીજે)નો ચુકાદો લાગુ કરવા માટે પાકિસ્તાને ઘડેલા કાયદા અંગે મીડિયાના પ્રશ્નો પર પ્રતિભાવ આપતા સત્તાવાર પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ જણાવ્યું :**

"અમે એવા અહેવાલો જોયા છે કે પાકિસ્તાને અગાઉના વટહુકમના અનુસંધાને કાયદો ઘડ્યો છે જે દેખીતી રીતે કુલભૂષણ જાધવ કેસમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ) ના ચુકાદાને અમલમાં લાવવા માટે ઘડવામાં આવ્યો હતો.

આ વાત બિલકુલ અસત્ય છે. અગાઉ કહ્યું તેમ આ વટહુકમએ આઈસીજેના ચુકાદા દ્વારા ફરજિયાત રીતે શ્રી જાધવના કેસની અસરકારક સમીક્ષા અને પુનર્વિચારણા માટે વ્યવસ્થા બનાવી નથી.

આ કાયદો ફક્ત અગાઉના વટહુકમની ખામીઓને કોડમાં રૂપાંતરિત કરે છે.

પાકિસ્તાન શ્રી જાધવને અવરોધ વગર કોન્સ્યુલર સુવિધાનો ઈનકાર કરવાનું ચાલુ રાખે છે અને એવું વાતાવરણ ઊભું કરવામાં નિષ્ફળ રહ્યું છે કે જેમાં ન્યાયી ટ્રાયલ થઈ શકે.

ભારતે પાકિસ્તાનને આઈસીજેના ચુકાદાનું અક્ષરશઃ પાલન કરવા વારંવાર આહ્વાન કર્યું છે."

**નવી દિલ્હી**
**નવેમ્બર 18, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.